# શ્રી રણછોડ બાવની

રણછોડ તું રંગીલો નાથ, વિશ્વ સકળનો તારો સાથ
ભૂમી કેરો હરવા ભાર, જગમાં પ્રગટયો વારંવાર
જન્મ ધર્યો તે કારા ગ્રહમાં, જગતમાં કરવા ચમત્કાર
કંસરાયને થાયે જાણ, તેથી કીધુ તરત પ્રયાણ
ગોકુળમાં જઇ કીધો વાસ, નંદ જશોદાજીની પાસ
વર્ણન, કરતાં નાવે પાર, એવી તારી લીલા અપાર
ગોવાળોની સાથે જાય, ગાયો ચરાવી રાજી થાય
છાનો ગોરસ લુંટી ખાય, પકડતામાં છટકી જાય
ગોપીકાના ચોર્યા ચિત્ત, સૌના ઉપર સરખી પ્રીત
બંસી કેરો સૂર મધુર, સુણનાર થાયે પ્રભાત
વ્રજ વનીતા છોડે આવાસ, દોડી આવે રમવા રાસ
તારલા ચમકે આકાશ, ચાંદલીયાનો પૂર્યો પ્રકાશ
દાનવ કેરો જયાં ત્રાસ, પલમાં જઇને કીધો નાશ
પટકી માર્યો મામો કંસ, રહ્યો ન જગમાં તેનો વંશ
કૌરવોને કીધો બોધ, જ્ઞાનમૃતનો વરસ્યો ધોધ
યુધ્ધ તજીને કીધી દોડ, નામ પાડયું તેથી રણછોડ
દ્વારીકામાં કીધો વાસ, ધર્મ ધજજા ફરકે ચોપાસ
ગુરાતે એક ડાકોરગામ, ભકત થયો બોડાણો નામ
પત્ની જેની ગંગાબાઇ, તે પણ ભકિતમાં રંગાઇ
હરતા ફરતા ગાયે ગાન, મેળવવા ચાહે ભગવાન
તેવામાં એક આવ્યો સંગ, રેલાયો ભકતીનો રંગ
યાત્રાળુ દ્વારીકા જાય, બોડાણો તેમાં જોડાય
ગોમતીજીમા કીધુ સ્નાન ભાવે નીરખ્યા શ્રી ભગવાન

છ માસે હું આવીશ ધામ, ટેક એવી લીધી નિષ્કામ
તુલસી વાવી કાયમ જાય, પ્રભુને અર્પી રાજી થાય
સહન કરે એ કષ્ટ અમાપ, ભલે પડે ઠંડી કે તાપ
વૃધ્ધ થયો પણ હૈયે હામ, અવીચલ શ્રધ્ધા આઠો જામ
સીત્તેર વર્ષ વિત્યા છે એમ, ત્યારે પુરણ થઇ છે એમ
બોડાણો જીત્યો છે દાવ, પ્રભુના હૈયે પ્રગટયો છે ભાવ
હવે લાવજે ગાડુ સાથ, બોલ્યો વિશ્વ સકળનો નાથ
ખડ ખડતી લીધી છે વેલ, વૃધ્ધા થયેલા જોડાઇ બેલ
ગંગાબાઇ એ દીધી વિદાય, મૂકયો બોડાણો હરખાતો જાય
બોડાણોને રાતોરાત, મૂકયો દ્વારીકાની વાટ
દર્શન કરતા રહે છે નાથ, ગાડુ હું લાવ્યો છું સાથ
ગુગરીઓ મનમાં વહેમાય, ભકત પ્રભુને ના લઇ જાય
માર્યા તાળા મજબૂત દ્વાર, રાત પડીને વાગ્યા બાર
વ્હાલો નીકળી નાઠો બહાર, વેલ તરત કીધી તૈયાર
ગાડુ હાંકે જગદાધાર, કહો પછી શું લાગે વાર
ઉમરેઠ પકડી લીમડાડાળ, મીઠી થઇ ગઇ તે તત્કાળ
વહાણું વાયુ વીતી રાત, ડાકોર માંહે થયું પ્રભાત
ગંગાબાઇએ ધીરજ ધરી, વ્હાલમજીએ વિપત્ત હરી
ગુગળી સોનું લેવા જાય, વ્હાલો વાળીએ તોલાય
રીઝયો વિશ્વ સકળનો ભુપ, મનસુરામનું લીધુ રૂપ
સંત પુનીતને દીધી હામ પુરણ કીધા સઘળા કામ
રામ ભકત જે કરશે પાઠ, નાથ ઝાલશે તેનો હાથ
પૂર્ણિમાએ પ્રેમથી ડાકોર દર્શન જાય
રામ ભકત તે પુનિત બને કારજ સઘળાં થાય

**જય રણછોડરાય કી જય.**